વડોદરાના દેવગઢ બારિયા, ધાનપુર તાલુકામા 'મનરેગા'ના કરોડોના કૌભાંડમાં ચાર સરકારી કર્મચારીઓની ધરપકડ

વડોદરા તા. 26

બિનપાત્રતા ધરાવતી એજન્સીઓને કરોડોની ચુકવણી કરવામાં આવી હતી, હજુ વધુ ધરપકડો થવાની શક્યતા

દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં કેટલાક સરકારી અધિકારીઓએ બિનપાત્રતા ધરાવતી કેટલીયે એજન્સીઓને કરોડોની લ્હાણી કર્યાની કેટલાક જાગૃત નાગરિકો દ્વારા દાહોદ જિલ્લા વિકાસ અધિકારીની કચેરીમાં રજૂઆત કરવામાં આવતા, તે રજૂઆતોને આધારે જિલ્લા વિકાસ અધિકારીએ પોતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકને તપાસ આપી હતી.

દાહોદ ડીવાયએસપી જગદીશ ભંડારી દ્વારા તપાસ કરાતા ગ્રામ રોજગાર સેવક તથા એકાઉન્ટન્ટ ઓફિસર કે જે આ કામોમાં સામેલ હોય અથવા પોતાની ફરજ બરાબર બજાવી ન હોય અને અધૂરા કામો હોવા છતાં કમ્પ્લીસન સર્ટી કે અન્ય રેકર્ડમાં સહીઓ કરી ઉપર બિલો મોકલી બિલોને મંજૂર કરાવવામાં મદદગારી કરી હોઈ આ અન્વયે દેવગઢ બારીયા અને ધાનપુરમાં એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા જયવીર નાગોરી અને મહિપાલ ચૌહાણ પાસે જ્યારે કોઈ બિલ આવે તો પોતાની ડીસીજનલ કીથી તેને મંજૂર કરવાની તેમની જવાબદારી હતી. અને તેઓની બદલી થઈને ઈન્ટરચેન્જ બદલી પણ અન્ય બે તાલુકાઓમાં જ થયેલી હતી. આ બંનેની એલ વન એજન્સીને ચૂકવણુ કર્યાનું તથા અધૂરા કામોના બીલો મંજૂર કર્યાનું જણાઈ આવતા આ બંનેની તેમાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવતા દાહોદ પોલીસ તે બંનેની અટક કરી છે. અને ફુલસિંગ બારીયા તથા મંગાભાઈ ભાવસિંગ પટેલીયા કે જેઓ આ ગામોમાં ગ્રામ રોજગાર સેવક તરીકે ફરજ બજાવે છે.જેઓએ જે કામ થવું જોઈએ તે કામ ન થયું હોવા છતાં તેવા કામને પ્રોપર મંજૂરી આપી તેમના રજીસ્ટરમાં નોંધો કરી અને બિલો બનાવી ઉપર મોકલી આપી બિલો મંજૂર કરવામાં મદદગારી કરી હોવાનું તપાસમાં સ્પષ્ટપણે જણાઈ આવતા તેઓ બંનેની પણ દાહોદ પોલીસે અટક કરી છે. આમ દાહોદ પોલીસે મનરેગાના કરોડોના કૌભાંડમાં પ્રાથમિક તબક્કે કરાયેલી તપાસ બાદ કુલ ચાર જેટલા સરકારી કર્મચારીઓની ધરપકડ કરી છે.

આ ચાર પકડાયા

મનરેગા શાખાના એકાઉન્ટન્ટ જયવીર નાગોરી અને મહિપાલસિંહ ચૌહાણ ગ્રામ રોજગાર સેવક કુલસિંહ બારીઆ તથા મંગળસિંહ પટેલીયા

■ સુરતના અઠવાલાઈન્સના એનઆઈએફ સંસ્થા દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિવિધ થીમ આધારિત કપડાં બનાવીને પ્રદર્શીત કરવામાં આવ્યા હતા. જેમાં ખાસ કરીને હેન્ડ મેઈડ પ્રીન્ટના કપડાં બનાવીને લોકો સમક્ષ પ્રદર્શીત કરવામાં આવ્યાં હતા. **(તસવીરઃ ડિમ્પલ બંગડીવાલા)**

મુસ્લિમ સમાજ આતંકીકૃત્યને વખોડી કાઢવા સાથે પોતાની ભારતીયતા સિદ્ધ કરે : દ્વારકા શંકરાચાર્ય

દ્વારકા ખંભાળિયા તા.26

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં 26 નિર્દોષ નાગરિકનાં મોતની ઘટનાને દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ વખોડી કાઢી છે અને ચિંતા પણ વ્યક્ત કરી છે. શંકરાચાર્યએ કહ્યું હતું કે ભારત જેવા લોકતાંત્રિક દેશ માટે ચિંતાની વાત છે કે ધર્મવિશેષ લોકોને પૂછીપૂછીને મારવામાં આવે.

નોંધનીય છે કે પહેલગામ આતંકી હુમલા બાદ દેશભરના લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે. ચાર શંકરાચાર્યમાંથી સૌપ્રથમ દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્યએ વખોડી કાઢી અને દેશના લોકોને એકતા બતાવી આતંકવાદનો મુહતોડ જવાબ આપવા અપીલ કરી છે. શંકરાચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે મુસ્લિમ ધર્મના લોકો પાસે અપેક્ષા છે કે તેમણે આતંકવાદ વિરુદ્ધ બોલીને ભારતીયતા સિદ્ધ કરવી જોઈએ.

કાશ્મીરના પહેલગામની દુઃખદ ઘટનાથી એ સમજમાં આવી ચૂક્યું છે કે જે લોકો કહે છે કે આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો. સિદ્ધ થઈ ગયું છે કે આતંકવાદીઓએ ચોક્કસ ધર્મના લોકોને લક્ષ્યમાં રાખી હત્યા કરી.

ધર્મ શબ્દનો અર્થ ન જાણવાના કારણે આતંકવાદને ધર્મ સાથે જોડી દેવામાં આવે છે. આતંકવાદીઓનું તો એ જ કર્તવ્ય છે કે હત્યા કરો. ત્રેતાયુગમાં રાવણનું એ કર્તવ્ય હતું, દ્વાપરમાં કંસનો એ ધર્મ હતો. કળિયુગમાં આ આતંકીઓ રાવણ અને કંસના રૂપમાં ઉત્પન્ન થઈ આપણી રાષ્ટ્રીયતા પર હુમલો કરે છે. એકતાની આવશ્યક્તા છે. આજે આપણા દેશની ત્રણેય સેના એટલી મજબૂત છે કે આમને-સામને યુદ્ધ કરવાની તેમનામાં હિંમત નથી. ભારતને નિર્બળ કરવા માટે આતંકવાદનો આશરો લઈને વિદેશી ષડ્યંત્ર આ પ્રકારના કૃત્ય કરે છે. સમજવું જરૂરી છે કે આપણી એકતા જ તેનો ઉત્તર છે. તમામ હિન્દુઓએ પક્ષાપક્ષીથી પર ઊઠવું જોઈએ એ જ તેનો મુહતોડ જવાબ હશે.

ભારત જેવા દેશમાં ધર્મવિશેષ લોકોની હત્યા કરવામાં આવે, મારમારવામાં આવે ચિંતાનો વિષય

વડોદરા જિલ્લામાં દસ દિવસમાં હત્યાનો ચોથો બનાવ : કેટરિંગના યુવાનની લાશ મળી આવી

વડોદરા તા.26

સાવલીરોડ ઉપરથી હત્યા કરાયેલી લાશ મળી : મૃતક રાહુલ સોનીની હત્યા કરવામાં આવી હોવાનું પોસ્ટમોર્ટમમાં બહાર આવ્યું

વડોદરા જિલ્લામાં છેલ્લાં 10 દિવસમાં ચોથી હત્યાનો બનાવ બનતાં ચકચાર મચી છે. વાઘોડિયા, કરજણ અને પાદરામાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો નથી ત્યાં જ સાવલીના ટુંડાવમાં એક યુવકની હત્યા નીપજાવી દેવામાં આવી છે. કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા 33 વર્ષીય યુવક રાહુલ સોનીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી.

મળેલી માહિતી પ્રમાણે, સાવલી તાલુકાના ટુંડાવ સાવલી રોડ નજીકની ખુલ્લી જગ્યામાંથી મંજુસર પોલીસને મૃતદેહ મળ્યો હતો. પોલીસની તપાસમાં મૃતક વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં આવેલી વૈકુંઠ સોસાયટીનો રહેવાસી રાહુલ રાજેન્દ્રકુમાર સોની (ઉ.વ. 33) હોવાનું ખૂલ્યું હતું. પોલીસને મૃતદેહ પાસેથી મોટરસાઈકલ પણ મળી છે. પોલીસે મૃતદેહ અને મોટરસાઈકલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મંજુસર પોલીસ મથકના પીઆઈ સિસોદિયાએ જણાવ્યું હતું કે મૃતક રાહુલ સોની કેટરિંગનો વ્યવસાય કરતો હતો. ત્રણ વર્ષ પહેલાં તેના છૂટાછેડા થયા હતા. રાહુલ સોનીનાં પરિવારજનોને બનાવની જાણ કરતાં આવી પહોંચ્યાં હતાં. હાલ વડોદરા સયાજી હોસ્પિટલમાં મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. પ્રાથમિક તપાસમાં મૃતકને લાકડીઓ જેવાં હથિયારોથી માર મારવામાં આવતાં મોત નીપજ્યું હોવાનું જણાય છે છતાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ચોક્કસ કારણ બહાર આવશે.

અમદાવાદ યુથ કોંગ્રેસ પ્રમુખ વિશાલસિંહ ગુર્જરને ગેરશિસ્ત મુદ્દે પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા

અમદાવાદ, તા. 26

કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં અન્ય કાર્યકરો સાથે ગાળાગાળી કરી હતી

કોંગ્રેસમાં હાલમાં ગુજરાતમાં કેન્દ્રિય નેતાગીરી સામેલ થઇ છે અનેક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. તેમાં કોંગ્રેસમાં રાજ્યભરમાં અત્યારે જિલ્લા પ્રમુખની નિમવાની કામગીરી ચાલી રહી છે.ત્યારે ગઈકાલે શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલના ભાણિયા વિશાલસિંહ ગુર્જરે અન્ય કાર્યકર્તાઓ સાથે ગાળાગાળી કરી હતી. AICCના નિરીક્ષક અને અન્ય આગેવાનોની હાજરીમાં ઘટના બનતા શિસ્ત સમિતિ એ અમદાવાદ શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ વિશાલસિંહ ગુર્જરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે.

મળતી માહિતી અનુસાર એઆઈસીસીના નિરીક્ષક બી.કે હરીપ્રસાદ અને અન્ય આગેવાનો કોંગ્રેસ કાર્યાલયમાં હાજર હતા.આ દરમિયાન અમદાવાદ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલના ભાણીયા અને અમદાવાદ શહેર યુવા કોંગ્રેસના પ્રમુખ વિશાલસિંહ ગુર્જર પણ હાજર હતા. કોંગ્રેસ કાર્યાલયમાં જ વિશાલસિંહ ગુર્જરે તમામ નેતાઓની હાજરીમાં અન્ય કાર્યકર્તા સાથે સામાન્ય બાબતમાં ગાળાગાડી કરી હતી. તમામ આગેવાનોની હાજરીમાં આ પ્રકારના ગેરવર્તનની પાર્ટીએ નોંધ લીધી હતી. કોંગ્રેસની શિસ્ત સમિતિ દ્વારા તમામ પુરાવા અને હકીકતને ધ્યાને લીધા બાદ અમદાવાદ શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ વિશાલસિંહ ગુર્જરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

કેનેડાના વિઝા અને નોકરી અપાવવાના બહાને મહેસાણાના દંપતિ સાથે 28 લાખની છેતરપિંડી

મહેસાણા તા.26

ગાંધીનગરના અભયરાવલ અને અમદાવાદના વિરલ મનાની સામે મહેસાણા પોલીસે તપાસ હાથ ધરી

મહેસાણામાં કેનેડા વિઝા કૌભાંડનો કિસ્સો સામે આવ્યો છે. મિલ્ટન ચૌધરી અને તેમની પત્ની ઝલકને કેનેડાના PR વિઝા મેળવવા માટે અભય જીતેન્દ્રભાઈ રાવલ (રહે. ગાંધીનગર) સાથે ઓગસ્ટ 2022માં સંપર્ક થયો હતો.

આરોપી અભય રાવલે વિઝા ફી પેટે રૂ. 57 લાખ નક્કી કર્યા હતા. ફરિયાદીએ શરૂઆતમાં ટોકન પેટે રૂ. 5 લાખ મહેસાણાના તોરણવાળી ચોક સ્થિત આઈકોનિક ફેશન હબમાં આપ્યા હતા. LMIA વર્ક પરમિટ લેટર આવતા વધુ રૂ. 11 લાખ આપ્યા હતા. ત્યારબાદ આરોપી અભય રાવલે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું અને PR વિઝાની ફાઈલ ઉડી ગયાનું કહી તેના મિત્ર વીરલ ગિરીશ મનાની (રહે. અમદાવાદ)નો સંપર્ક કરાવ્યો. વીરલે દંપતીના વર્ક પરમિટ વિઝા માટે રૂ. 27 લાખ અને PR વિઝા માટે રૂ. 30 લાખ માંગ્યા.

આરોપીઓએ ઝલકને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવી કેનેડા મોકલી, પરંતુ ત્યાં કોઈ નોકરી અપાવી નહીં. મિલ્ટનને વર્ક પરમિટ વિઝા કે PR વિઝા આપ્યા નહીં. વધુમાં, તેમનો ઓરિજનલ પાસપોર્ટ અને ફાઈલનો ID-પાસવર્ડ પણ આપ્યો નહીં. આરોપીઓએ કુલ રૂ. 28.50 લાખ પડાવી લીધા. આ મામલે મહેસાણા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

શરીર સંબધી ગુના રોકવા અમદાવાદ, સુરત સહિત ચાર મહાનગરોમાં ઈવનિંગ પોલિસીંગ ઉપર ભાર મૂકાયો

અમમદાવાદ, તા. 26

બે માસમાં સાંજના 6.00થી રાત્રિના 12.00 દરમિયાન નોંધપાત્ર ગુના નોંધવામાં આવ્યા

ગુજરાત પોલીસે ડેટા ડ્રિવન પોલિસિંગના અભિગમ સાથે રાજ્યમાં શરીર સંબંધી ગુનાઓને નિયંત્રિત કરવા માટે 'SHASTRA' (Sharir Sambandhi Tras Rokva Abhiyan) પ્રોજેક્ટની શરૂઆત તા. 16મી ફેબ્રુઆરી, 2025થી કરી હતી. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ અમલમાં મૂકાયેલા આ પ્રોજેક્ટ હેઠળ ચાર મહાનગરો - અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના 33 અસરગ્રસ્ત પોલીસ સ્ટેશન વિસ્તારોમાં "Evening Policing" પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

શરીર સંબંધી ગુનાઓ પર અસરકારક અંકુશ લાવવા શરૂ કરાયેલા આ પ્રોજેક્ટના અમલના સવા બે મહિના (16 ફેબ્રુઆરી 2025થી 24 એપ્રિલ 2025) દરમિયાન સાંજે 6થી રાત્રે 12 વાગ્યાના સમયગાળામાં ગુજરાત પોલીસે દારૂ, જુગાર, નશામાં વાહન ચલાવવું તેમજ જીપી એક્ટ ૧૩૫ હેઠળ નોંધપાત્ર કામગીરી કરીને સૌથી વધુ ગુના દાખલ કર્યા છે.આ પ્રોજેક્ટ હેઠળ ચાર મહાનગરોના 33 અસરગ્રસ્ત પોલીસ સ્ટેશન વિસ્તારોમાં SHASTRA પ્રોજેક્ટ અંતર્ગત સવા બે મહિનામાં કુલ 5529 ગુનાઓ નોંધવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ શહેરમાં 12 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 1515, સુરત શહેરમાં 9 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 3001, વડોદરા શહેરમાં 7 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 461, રાજકોટ શહેરમાં 5 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં 552 ગુનાઓ નોંધાયા છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં આત્મનિર્ભર ભારત: નડિયાદ પાસે હાઈવેના પુલ ઉપર 100 મીટરનો સ્પાન મૂકાયો

સુરત તા.26

દિલ્હી, મુંબઈ અને ચેન્નઈને જોડતી એનએચ - 48 પર, નડિયાદ (ગુજરાત) પાસે 2 X 100 મીટર લાંબા સ્ટીલના પુલનો પ્રથમ 100 મીટર લાંબો સ્પાન સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. આ 'મેક ઈન ઈન્ડિયા' સ્ટીલ બ્રિજમાં બુલેટ ટ્રેન કોરિડોર માટે NH-48 ને પાર કરવા માટે બે 100-મીટર લાંબા સ્ટીલ સ્પાનનો સમાવેશ થાય છે, જેમાંથી એક સ્પાન સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો.

એનએચ - 48 એ છ માર્ગોવાળો (દરેક બાજુ પર ત્રણ માર્ગ) સૌથી વ્યસ્ત ધોરીમાર્ગોમાંનો એક છે. પુલનો પહેલો સ્પાન ધોરીમાર્ગ પરના ત્રણ માર્ગો ઉપર લગભગ 200 મીટર લંબાઈ સુધી એક બાજુથી સ્લાઈડ કરીને લોન્ચ કરવામાં આવ્યો. આ લોન્ચિંગ એ રીતે આયોજનબદ્ધ રીતે કરવામાં આવ્યું કે જેથી વ્યસ્ત ધોરીમાર્ગ પર ટ્રાફિક વ્યવસ્થા સરળ રહી શકે અને રસ્તાના ઉપયોગકર્તાઓને ન્યૂનતમ ખલેલ પહોંચે.

આ સ્ટીલના પુલનો 100 મીટર લાંબો સ્પાન, જેની ઉંચાઈ લગભગ 14.6 મીટર અને પહોળાઈ 14.3 મીટર છે, આશરે 1414 મેટ્રિક ટન વજન ધરાવે છે. આ સ્ટીલના પુલ સાલાસર, હાપુર, ઉત્તરપ્રદેશમાં આવેલી વર્કશોપમાં બનાવવામાં આવ્યો છે અને તેમને 100 વર્ષની આયુષ્ય સાથે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

પુલ લગભગ 57,200 ટોર-શિયર પ્રકારના ઉચ્ચ ક્ષમતાવાળા (ટીટીએચએસ) બોલ્ટસ, સી5 પધ્ધતિની પેઈન્ટિંગ અને એલાસ્ટોમેરિક બેરીંગ્સથી બનેલો છે. આ પુલ 14.9 મીટર ઊંચાઈ પર જમીનથી કામચલાઉ રીતે ટ્રેસલ્સ પર એકત્રિત કરવામાં આવ્યો હતો અને તેને એક ઓટોમેટિક મેકેનિઝમનો ઉપયોગ કરીને ચલાવ્યું હતું, જેમાં બે સેમી-ઓટોમેટિક જેકસ હતા, જેમાં દરેક 250 ટન ભાર ઉઠાવવાની ક્ષમતા ધરાવતા હતા, સાથે મેક-એલોય બારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કોરિડોર માટે 28 સ્ટીલના પુલોની યોજના બનાવવામાં આવી છે. જેમાંથી 11 સ્ટીલના પુલ મહારાષ્ટ્રમાં અને 17 સ્ટીલના પુલ ગુજરાતમાં છે. ગુજરાતમાં રેલવે/ડીએફસીસી ટ્રેક, ધોરીમાર્ગ અને ભિલોસા ઉદ્યોગ પર 7 સ્ટીલના પુલ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર વાહનચાલકોને ન્યૂનતમ ખલેલ પહોંચે તે રીતે 2 X 100 મીટર લાંબા સ્ટીલના પુલના પ્રથમ 100 મીટર લાંબો સ્પાન મૂકાયો

સાળંગપુરમાં કષ્ટભંજનદેવ હનુમાનજીને વિશેષ શણગાર સાથે 500 કિલો કેરીનો અન્નકૂટ ધરાવાયો

બોટાદ તા.26

સાળંગપુરધામ સ્થિત કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં 26 એપ્રિલ, 2025ના રોજ વિશેષ શણગાર સાથે કેરીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો છે. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી અને કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ આ આયોજન કરવામાં આવ્યું.

હનુમાનજીને પ્યોર સિલ્કના જરદોશી વર્કવાળા ફૂલોની ડિઝાઈનના વાઘા પહેરાવવામાં આવ્યા. આ વાઘા વૃંદાવનમાં 15 દિવસની મહેનતથી તૈયાર કરવામાં આવ્યા હતા. સિંહાસનને વડોદરાથી મંગાવેલા ગુલાબ અને સેવંતીના ફૂલોથી સજાવવામાં આવ્યું. અમદાવાદથી લાવવામાં આવેલો 500 કિલો કેરીનો અન્નકૂટ દાદાને ધરાવવામાં આવ્યો. વિશેષ આકર્ષણ એક કિલો શુદ્ધ સોનાનો રજવાડી મુગટ અને કુંડળ રહ્યા. સવા ફૂટ ઊંચા અને દોઢ ફૂટ પહોળા મુગટમાં બે પોપટની આકૃતિ, ફૂલ, ઝાડ અને બે મોટા કમળની ડિઝાઈન બનાવવામાં આવી છે.

350 કેરેટ લેબગ્રોન ડાયમંડથી જડતર કરાયેલા આ મુગટને બનાવવામાં 18 કારીગરોને 3 મહિનાનો સમય લાગ્યો. મુગટમાં હેન્ડ પેઈન્ટેડ મીણા કારીગરી કરવામાં આવી છે. સવારે 5:30 કલાકે મંગળા આરતી અને 7:00 કલાકે શણગાર આરતી કરવામાં આવી. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરાયું. અનેક હરિભક્તોએ દર્શનનો લાભ લીધો.

350 કેરેટ લેબગ્રોન ડાયમંડથી સજ્જ એક કિલો સોનાનો મુગટ અને કુંડળથી દાદાને શ્રૃંગાર સાથે સિલ્કના જરદોશી વર્કવાળા ફૂલોની ડિઝાઈનના વાઘા પહેરાવાયા

કાશ્મીરમા ફસાયેલા ગાંધીનગર, પાલનપુરના 50થી વધુ પ્રવાસીઓ હેમખેમ પરત આવી ગયા

અમદાવાદ તા.26

જમ્મુ અને કાશ્મીરના રામબનમાં 20 એપ્રિલ, 2025ના રોજ વાદળ ફાટવાની દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં અનેક વિસ્તારમાં ભારે વરસાદ થવાથી ભૂસ્ખલન થયું હતું. જ્યારે જમ્મુ કાશ્મીરના પ્રવાસે ગયેલા ગુજરાતીઓ કુદરતી આફતના કારણે ફસાયા હતા. જેમાં રામબન જિલ્લાના ને.હાઈવે નંબર 14 પર બનાસકાંઠાના પાલનપુર અને ગાંધીનગરના પ્રવાસીઓ અટવાયા હતા. જેને લઈને ભારતીય સેના અને પ્રશાસનો દ્વારા ગુજરાતના પ્રવાસીઓને આર્મી કેમ્પમાં સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે શનિવારે (26 એપ્રિલ, 2025) 6 દિવસ બાદ પાલનપુર-ગાંધીનગરના 50 પ્રવાસીઓ હેમખેમ વતન પરત ફર્યા છે.

જમ્મુ કાશ્મીરના રામબન જિલ્લાના ને.હાઈવે નંબર 14 પર બનાસકાંઠા અને ગાંધીનગરના 50 પ્રવાસીઓ ભૂસ્ખલનને કારણે ફસાયા હતા. આ મામલે બનાસકાંઠાના કલેક્ટરે રામબનના કલેક્ટર સાથે વાતચીત કરી હતી. ગુજરાત પોલીસે જમ્મુ-કાશ્મીર પોલીસ કંટ્રોલ રૂમ અને રામબન એસ.એસ.પી. સાથે સંપર્ક કરી પ્રવાસીઓની માહિતી મેળવી હતી. જ્યારે આ પછી તમામ પ્રવાસીને નજીકના આર્મી કેમ્પ ખાતે લઈ ગયા હતા. જ્યાં પ્રવાસીઓને જરૂરી પાયાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

ADITYA BIRLA CAPITAL
PROTECTING INVESTING FINANCING ADVISING

આદિત્ય બિરલા કેપીટલ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ઈન્ડિયન સ્ટેયોન કંપાઉન્ડ,વેરાવળ,ગુજરાત - ૩૬૨૨૬૬
કોર્પોરેટ ઓફિસ : ૧૨મા માળે, આર ટેક પાર્ક, નિર્લોન કોમ્પલેક્ષ, હબ મોલ નજીક, ગોરેગામ(પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૩, મહારાષ્ટ્ર

ઈ-ઓકશન વેચાણ નોટીસ

સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ સાથે વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૯(૧) અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટેની ૧૫ દિવસ પૂર્વેની ઈ - ઓકશન સેલ નોટીસ

આથી આદિત્ય બિરલા ફાઈનાન્સ લિમિટેડ અને આદિત્ય બિરલા કેપીટલ લિમીટેડ વચ્ચે તા.૧૧.૦૩.૨૦૨૨ના રોજ થયેલ મેળવણીના કરાર જે તાજેતરમાં જ નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ અમદાવાદ સમક્ષ તા.૨૪.૦૩.૨૦૨૫ના રોજ મંજુર થયો હતો એ મુજબ સરફાયેસી એકટની જોગવાઈ હેઠળ આદિત્ય બિરલા ફાઈનાન્સ લિમીટેડ દ્વારા નીચે નજણાવેલી મિલકતોના તમામ અધિકારો સુધારીત કંપની આદિત્ય બિરલા કેપીટલ લિમીટેડ ને તબદિલ કર્યા હતા.

એ મુજબ આદિત્ય બિરલા **કેપીટલ લિમીટેડના અધિકૃત અધિકારી**એ નીચે જણાવેલી સુરક્ષિત મિલકતોનો કબજો દેવાદારોને સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨(સરફાયેસી) હેઠળની ડિમાન્ડ નોટીસ બાદ લીધો હતો દેવાદારો રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી તેમને ખાસ અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે નીચે જણાવેલ મિલકઆદિત્ય બિરલા ફાઈનાન્સ લિમીટેડ ના તાબામાં બાકી લેણી રકમ સામે છે.જેનું વેચાણ ઓકશનથી **'જે છે જયાં છે"જે છે તે છે' અને 'ત્યાં જે કંઈ છે'ના** ધોરણે કરવામાં આવનાર છે.

ઈ-ઓકશનની તારીખ અને સમય : ૧૪.૦૫.૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૧.૦૦ દરમિયાન
કેવાયસી અને અર્નેસ્ટમની ડીપોઝીટ(ઈએમડી)રજુ કરવાની છેલ્લી તારીખ : ૧૩.૦૫.૨૦૨૫

અ. નં.	દેવાદારો અને સહ દેવાદારોના નામ	ગીરો મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂ.માં)	અર્નેસ્ટ મની ડીપોઝીટ(ઈએમડી)/ બોલી વધારાની રકમ (રૂ.માં)	ડીમાન્ડ નોટીસમુજબની રકમ (રૂ.માં)
1	**૧. મે. સાગર ફેશન ,** તેના માલિક દ્વારા રાજેશ ડાભી **૨. રાજેશ જીતેન્દ્રભાઈ ડાભી** તે જીતેન્દ્રભાઈ શાર્દુલભાઈ ડાભીના પુત્ર, **૩. પ્રમિલાબેન રાજેશ ડાભી,** તે **રાજેશ જીતેન્દ્રભાઈ ડાભીની** પત્ની **લોન ખાતા નં. ABSURST000000503463**	તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકત વોર્ડ નં.૨,નોંધ નં.૩૫૪૪/૨૦ ક્ષેત્રફળ અંદાજે ૯૦.૩૦.૨૦ ચો.મી. અને નોંધ નં.૩૫૪૪/૧/૨૭ ક્ષેત્રફળ અંદાજે ૪૦.૦૪ ચો.મી. મોજે મલેકવાડ ,નવસારી બજાર ઉધના તાલુકા રજિ.જિ. અને પેટા જિ.સુરત ચતુ:સીમા: **ઉત્તરે:** લાગુ પડતુ નથી, **દક્ષિણે :** લાગુ પડતુ નથી **પૂર્વે :** લાગુ પડતુ નથી , **પશ્ચિમે :** લાગુ પડતુ નથી	Rs. 65,40,750/- (રૂપિયા પાંસઠ લાખ ચાલીસ હજાર સાતસો પચાસ પુરા)	Rs. 6,54,075/- (રૂપિયા છ લાખ ચોપ્પન હજાર પંચોતેર પુરા) Rs. 25,000/- (રૂપિયા પચ્ચીસ હજાર પુરા)	22.04.2024 & Rs. 41,84,151.65/- (રૂપિયા એકતાલીસ લાખ ચોર્યાસી હજાર એકસો એકાવન અને પાંસઠ પૈસા પુરા) તા.૧૫.૦૪.૨૦૨૪ ના રોજ

વધુ જાણકારી માટે સલામત ધિરાણકાર **આદિત્ય બિરલા ફાઈનાન્સ લિમીટેડ** / સલામત ધિરાણકારની વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી છે : **https://abfl.adityabirlacapital.com/pages/individual/properties-for auction-under-sarfaesi-act aspx.Or https://BidDeal.in**

સંપર્ક નં. આદિત્ય બિરલા ફાઈનાન્સ લિમીટેડ ના અધિકૃત અધિકારી - **૧) અપૂર્વ થોમસ દાંથી apoorva.danthi@adityabirlacapital.com મો.નં. ૯૯૩૦૯૦૯૭૨૫તમે નજીકની શાખામાં આદિત્ય બિરલાના અધિકારીની મુલાકાત લઈ શકો છો.૨) મોહિત શર્મા : mohit.sharma15@adityabirlacapital.com મો.નં.૯૮૭૩૯૧૩૯૫૫,૩) જહીરૂલ લાસકર-મો.નં. ૯૭૦૬૦૦૩૦૭૫,૪)પ્રણિત સિંઘ મો.નં.૯૭૨૦૦૨૯૩૩૭,૫) રાજેશ વીરકર - મો.નં.૭૩૯૭૯ ૩૨૦૨૨**

સ્થળ: સુરત ,ગુજરાત
તારીખ : ૨૭-૦૪-૨૦૨૫

સહી/-અધિકૃત અધિકારી,
આદિત્ય બિરલા કેપીટલ લિમીટેડ